## દુબઈ એરપોર્ટ પર ડ્રોન હુમલો: એરપોર્ટ ખાલી કરાવાયું

# ઈરાનના પ્રમુખે પાડોશી દેશોની માફી માગી: જો કે હુમલાઓ ચાલુ રહ્યા

**પ્રમુખ** પેઝેશ્કિયાને ઇરાને કરેલા હુમલાઓ બદલ અખાતમાંના પાડોશી દેશોની માફી માગી, જો કે શત્રુ દેશોનો સાથ આપનારા પર હુમલા થશે

**આના** પછી પણ કેટલાક અખાતી દેશો પર ડ્રોન અને મિસાઇલ હુમલાઓ થયા

દુબઈ, 7 માર્ચ : ઈરાનના પ્રમુખે શનિવારે પ્રાદેશિક દેશો પર થયેલા હુમલાઓ માટે માફી માંગી હતી, તેમ છતાં તેમની મિસાઈલો અને ડ્રોન અખાતી આરબ દેશો તરફ ઉડી રહ્યા હતા, જે દર્શાવે છે કે તેહરાનનું રાજકીય નેતૃત્વ ઈરાનના સશસ્ત્ર દળો પર સંપૂર્ણ નિયંત્રણ રાખી શક્યું નથી. તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની શરણાગતિ માટેની વારંવારની માંગણીઓને પણ ફગાવી દીધી હતી.

28 ફેબ્રુઆરીના હવાઈ હુમલામાં સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના મૃત્યુ બાદ ઈરાનનું સંચાલન કરી રહેલી ત્રણ સભ્યોની નેતૃત્વ પરિષદના સભ્ય, રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને આ પડકારજનક સંદેશ આપ્યો હતો. આ સંઘર્ષને બરાબર એક અઠવાડિયું વીત્યું છે, જે હવે સમગ્ર પ્રદેશમાં ફેલાઈ ગયો છે, જેના કારણે વૈશ્વિક બજારો અને હવાઈ મુસાફરી ખોરવાઈ ગઈ છે અને ઈઝરાયેલ તથા અમેરિકાના સેંકડો હવાઈ હુમલાઓએ ઈરાનના નેતૃત્વને અત્યંત નબળું પાડી દીધું છે. બીજી બાજુ, પ્રમુખની માફી પછી પણ કેટલાક હુમલાઓ અખાતી દેશો પર થયા હતા. દુબઈ એરપોર્ટ પર એક ઈરાની ડ્રોન પડતા આ એરપોર્ટ ખાલી કરાવીને હંગામી રીતે બંધ કરી દેવાયું હતું. જ્યારે ઈરાનના ન્યાય વિભાગના નેતા ગોલામ મોહસીની ઈજાઈએ કહ્યું હતું કે જે અખાતી દેશો શત્રુ દેશોને સાથ આપશે તેમના પર હુમલા ચાલુ રખાશે.

વ્યાવસાયિક પ્રસારણ સાધનો વિના ઉતાવળમાં ફિલ્માવવામાં આવેલો આ સંદેશ ફરી એકવાર ઈરાનના નેતાઓનું તેના પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ પર મર્યાદિત નિયંત્રણ હોવાનું સૂચવે છે. આ દળ બેલિસ્ટિક મિસાઈલોનું સંચાલન કરે છે જે અત્યાર સુધી માત્ર ખામેનેઈને જ જવાબદાર હતું અને હવે જેમ સંઘર્ષ વધી રહ્યો છે તેમ તે પોતાની રીતે લક્ષ્યાંકો પસંદ કરી રહ્યું હોય તેમ જણાય છે. બીજી બાજુ, ટ્રમ્પે વધુ વિગતો આપ્યા વિના ઉમેર્યું કે, ઈરાનના ખરાબ વર્તનને કારણે, એવા વિસ્તારો અને લોકોના જૂથો કે જેમના વિશે અત્યાર સુધી વિચારાયું નહોતું, તેઓ હવે સંપૂર્ણ વિનાશ અને નિશ્ચિત મૃત્યુ માટે ગંભીર વિચારણા હેઠળ છે. જ્યારે ઈરાની પ્રમુખે અખાતી આરબ દેશોના વધતા ગુસ્સાને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો, તેના ગણતરીના કલાકો પહેલા જ મિસાઈલો અને ડ્રોનના હુમલાએ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ્સ ખોરવી નાખી હતી, સાઉદી અરેબિયાની મુખ્ય તેલ સુવિધાને નિશાન બનાવી હતી અને બહેરીનમાં લોકોને સુરક્ષિત આશ્રય લેવા મજબૂર કર્યા હતા.



### યુકે પોતાનું યુદ્ધ જહાજ અખાતમાં મોકલશે?

લંડન, તા. ૭: અમેરિકા, ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષની વચ્ચે બ્રિટન(UK) તેના એરક્રાફ્ટ કેરિયર HMS પ્રિન્સ ઓફ વેલ્સને મધ્ય પૂર્વમાં સંભવિત તૈનાતી માટે તૈયાર કરી રહ્યું છે. સ્કાય ન્યૂઝના અહેવાલ મુજબ, જહાજ માટેનો 'રેડીનેસ ટાઈમ' દસ દિવસથી ઘટાડીને પાંચ દિવસ કરવામાં આવી રહ્યો છે. સમાચાર મળી રહ્યા છે કે ક્રૂ મેમ્બરોને પણ આ ક્ષેત્રમાં સંભવિત તૈનાતી અંગે એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જો કે, આ પગલાનો અર્થ એ નથી કે જહાજ તૈનાત કરવામાં આવશે જ, પણ તેને સજ્જ રાખવામાં આવી રહ્યું છે. HMS પ્રિન્સ ઓફ વેલ્સ હાલમાં પોર્ટ્સમાઉથમાં સ્થિત છે, જે F-35 યુદ્ધ વિમાનો, હેલિકોપ્ટર અને સબમરીન વિરોધી યુદ્ધ પ્રણાલીથી સજ્જ છે.

### યુક્રેનવાળી એન્ટી-ડ્રોન સિસ્ટમ મોકલશે અમેરિકા

વોશિંગ્ટન, તા. 7: બે અમેરિકી અધિકારીઓએ શુક્રવારે સમાચાર સંસ્થા 'એસોસિએટેડ પ્રેસ' ને જણાવ્યું હતું કે, યુક્રેનમાં રશિયન ડ્રોન સામે કારગત સાબિત થયેલી અમેરિકન ડ્રોન-રોધી પ્રણાલી (એન્ટી-ડ્રોન સિસ્ટમ) ને ટૂંક સમયમાં પશ્ચિમ એશિયા (મિડિલ ઈસ્ટ) મોકલવામાં આવશે, જેથી ઈરાની ડ્રોન સામે અમેરિકાની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરી શકાય.

### ઈરાનનો ઘાતક પ્રહાર

# અમેરિકાની THAAD સિસ્ટમ તબાહ

**આ** સિસ્ટમના રડારની કિંમત જ રૂ. 2700 કરોડ



ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધના આઠમા દિવસે સંરક્ષણ ક્ષેત્રે અત્યંત ગંભીર વળાંક આવ્યો છે. ઈરાને છેલ્લા એક સપ્તાહમાં મધ્ય પૂર્વના દેશો સાઉદી અરેબિયા, યુએઈ અને જોર્ડનમાં તૈનાત અમેરિકાની અત્યાધુનિક 'ટર્મિનલ હાઈ એલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ' (THAAD) સિસ્ટમને નિશાન બનાવી છે. મીડિયા રિપોર્ટ્સ અને લેટેસ્ટ સેટેલાઈટ તસવીરો અનુસાર, જોર્ડનમાં આવેલા 'મુવફ્ફાક સાલ્ટી એર બેઝ' પર તૈનાત THAAD સિસ્ટમનું રડાર યુનિટ આ હુમલામાં સંપૂર્ણપણે તબાહ થઈ ગયું છે.

આ ઘટના અમેરિકા માટે મોટું આર્થિક અને સૈન્ય નુકસાન માનવામાં આવે છે, કારણ કે એક સંપૂર્ણ THAAD સિસ્ટમની અંદાજિત કિંમત રૂ. 22 હજાર કરોડ છે, જ્યારે તેના માત્ર રડાર યુનિટની કિંમત જ રૂ.2,700 કરોડ (300 મિલિયન ડોલર) જેટલી હોય છે. આ રડાર સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય દુશ્મનની બેલેસ્ટિક મિસાલોને ઓળખવાનો અને તેને ટ્રેક કરવાનો છે. નોંધનીય છે કે અમેરિકા પાસે સમગ્ર વિશ્વમાં આવી માત્ર 7 થી 8 સિસ્ટમ જ ઉપલબ્ધ છે, જેના કારણે આ હુમલાએ અમેરિકાની વ્યૂહાત્મક સુરક્ષા ચિંતાઓમાં વધારો કર્યો છે.

# ઈરાન એક હારી ગયેલો દેશ: પ્રમુખની માફી પછી ટ્રમ્પે ઠેકડી ઉડાવી

**ઇરાનની** શરણાગતિ ટ્રમ્પનું સ્વપ્ન જ રહેશે: પેઝેશ્કિયાન

**ટ્રમ્પની** મોટા હુમલાની ચેતવણી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની આકરી મજાક ઉડાવતા તેને પશ્ચિમ એશિયાનું લૂઝર (હારનાર દેશ) ગણાવ્યું છે. તેહરાને તેના પડોશી ખાડી દેશોની માફી માંગી અને જ્યાં સુધી તેમના પર હુમલો કરવામાં ન આવે ત્યાં સુધી વળતો હુમલો ન કરવાનું વચન આપ્યા બાદ ટ્રમ્પે આ નિવેદન આપ્યું હતું.

79 વર્ષીય રિપબ્લિકન નેતાએ 'ટ્રુથ સોશિયલ' પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈરાન હવે મિડલ ઈસ્ટનો દાદા રહ્યો નથી પરંતુ એક પરાજિત દેશ બની ગયો છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાને આ માફી માત્ર અમેરિકા અને તેના સહયોગી ઈઝરાયેલ દ્વારા ચાલુ યુદ્ધમાં કરવામાં આવેલા સતત હુમલાઓને કારણે જ માંગી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, હજારો વર્ષોના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે ઈરાન તેના પડોશી મિડલ ઈસ્ટ દેશો સામે હાર્યું છે. ટ્રમ્પે લખ્યું, ઈરાન, જે અત્યારે ખરાબ રીતે પાયમાલ થઈ રહ્યું છે, તેણે તેના મિડલ ઈસ્ટના પડોશીઓની માફી માંગી છે, શરણાગતિ સ્વીકારી છે અને વચન આપ્યું છે કે તે હવે તેમના પર હુમલો નહીં કરે. આ વચન માત્ર અમેરિકા અને ઈઝરાયેલના અવિરત હુમલાઓને કારણે જ શક્ય બન્યું છે.

# અમેરિકામાં શ્રેણીબદ્ધ વાવાઝોડાઓ અને વંટોળિયાઓ ત્રાટકતા 8નાં મોત

**અનેક** ભાગોમાં વાવાઝોડાઓ, મિશિગનમાં વ્યાપક નુકસાન

**હજી** વાવાઝોડાઓ આવી શકે, ૭ કરોડ અમેરિકનોને સાવધ કરાયા



લેન્સિંગ(અમેરિકા), તા. ૭: અમેરિકાના હાર્દસમા વિસ્તારોમાં ત્રાટકેલા શ્રેણીબદ્ધ ભયાનક વાવાઝોડાઓ અને વંટોળિયાઓમાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયા છે, અને હવામાન આગાહીકારોએ ચેતવણી આપી છે કે આ સિલસિલો હજી પણ ચાલુ રહી શકે છે. આ વાવાઝોડાંની શરૂઆત ગુરુવારે થઈ હતી, જે દક્ષિણના મેદાનોથી લઈને ગ્રેટ લેક્સ સુધી ફેલાયેલી એક અસ્થિર હવામાન પ્રણાલીનો ભાગ હતા, જેણે અનેક રાજ્યોમાં ભારે તબાહી મચાવી છે. વીકએન્ડમાં આવી રહેલા આત્યંતિક હવામાનને કારણે લગભગ 7 કરોડ અમેરિકનો હાલમાં એલર્ટ પર છે, જેનાથી વધુ વિનાશ થવાની ભીતિ સેવાઈ રહી છે.

અત્યાર સુધીના પીડિતોમાં ઓકલાહોમાના ફેયરવ્યુમાં એક શિક્ષિકા અને તેમની 13 વર્ષની પુત્રીનો સમાવેશ થાય છે, જેઓ તેમની કાર ટોર્નેડોમાં ખેંચાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા. શુક્રવારે અહીંથી 175 માઈલ દૂર બેગ્સ શહેરમાં અન્ય બે લોકોના મોતના સમાચાર મળ્યા હતા, જેઓ આ વિનાશક પવનની ઝપેટમાં આવી ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓએ આ પ્રદેશમાંથી પસાર થતા મલ્ટી-વોર્ટેક્સ (બહુ-વમળવાળા) ટોર્નેડોની તસવીરો શેર કરી હતી. દરમિયાન, દક્ષિણ-પશ્ચિમ મિશિગનમાં શક્તિશાળી ટોર્નેડોએ ઘરોને તબાહ કર્યા, છત ઉડાવી દીધી અને પાવર લાઈનો પર કાટમાળ વીંટાળી દીધો, જેના કારણે ભારે વિનાશના દ્રશ્યો જોવા મળ્યા હતા.

# UPSC પરિણામમાં મોટો વિવાદ: એક જ રેન્ક પર બે 'આકાંક્ષા સિંહ'નો દાવો

**301મો** રેન્ક કોનો? બિહાર અને ઉત્તર પ્રદેશની ઉમેદવારો સામસામે; સોશિયલ મીડિયા પર એડમિટ કાર્ડ વાયરલ

પટણા, તા. 7 (PTI): યુપીએસસીના પરિણામો જાહેર થયા બાદ એક નવો વિવાદ સામે આવ્યો છે, જેમાં અલગ-અલગ રાજ્યોની બે મહિલા ઉમેદવારોએ એક જ રેન્ક મેળવ્યો હોવાનો દાવો કર્યો છે. આ વિવાદ 301માં રેન્કને લઈને છે, જ્યાં આકાંક્ષા સિંહ નામની બે ઉમેદવારો આ સ્થાન માટે પોતાનો દાવો કરી રહી છે.

એક તરફ, બિહારના આરાની રહેવાસી આકાંક્ષા સિંહ, જે પ્રતિબંધિત સંગઠન રણવીર સેનાના સ્થાપક બ્રહ્મેશ્વર સિંહની પૌત્રી છે, તેણે આ રેન્ક મેળવ્યો હોવાના વ્યાપક અહેવાલો છે. ઉલ્લેખનીય છે કે બ્રહ્મેશ્વર સિંહની 2012માં હત્યા કરવામાં આવી હતી.

બીજી તરફ, ઉત્તર પ્રદેશના ગાઝીપુરની અન્ય એક ઉમેદવાર, જેનું નામ પણ આકાંક્ષા સિંહ છે, તેણે દાવો કર્યો છે કે આ રેન્ક તેનો છે. સોશિયલ મીડિયા પર ફરતા થયેલા એડમિટ કાર્ડમાં સમાન નામ અને રોલ નંબર દેખાતાં આ મામલો વધુ ગૂંચવાયો છે. હવે સૌની નજર અધિકૃત સ્પષ્ટતા માટે સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી) પર ટકેલી છે.


દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)
DGVCL

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનંવતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

| અ. નં. | સબ-સ્ટેશન | ફીડરનું નામ | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ /વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. કબીલપોર | ૧૧ કે.વી જીઆઇડીસી નવસારી | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | 09/03/2026 | ૧૦:૦૦ થી ૨:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. કબીલપોર | ૧૧ કે.વી હિલ્ટી | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | 09/03/2026 | ૧૦:૦૦ થી ૨:૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કબીલપોર | ૧૧ કે.વી કાલીયાવાડી | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | 11/03/2026 | ૧૦:૦૦ થી ૨:૦૦ |

કાર્યપાલક ઇજનેર (સં અને નિ) નવસારી. શહેરી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.
ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ
ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો
કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.



DGVCL
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી
ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ / વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. તાપી | ૨૨ કે.વી. તાપી અર્બન | કાપોદ્રા | ૮૯૮૦૮૦૩૮૪૯ | ૦૯.૦૩.૨૬ / સોમવાર | ૧૦.૦૦ થી ૧૪.૦૦ |
| ૨ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. નેચરવેલી | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૧.૦૩.૨૬ / બુધવાર | ૧૦.૦૦ થી ૧૨.૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. શુભમ | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૧.૦૩.૨૬ / બુધવાર | ૧૦.૦૦ થી ૧૩.૦૦ |
| ૪ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી. ઉમરા | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭૫ | ૧૨.૦૩.૨૬ / ગુરૂવાર | ૧૦.૩૦ થી ૧૩.૦૦ |
| ૫ | ૬૬ કે.વી. ગોથાણ | ૧૧ કે.વી. કૃષ્ણા | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭૫ | ૧૨.૦૩.૨૬ / ગુરૂવાર | ૧૨.૦૦ થી ૧૪.૦૦ |
| ૬ | ૬૬ કે.વી. વેલંજા | ૧૧ કે.વી. દ્વારકેશ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭૫ | ૧૨.૦૩.૨૬ / ગુરૂવાર | ૧૪.૩૦ થી ૧૮.૦૦ |
| ૭ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી. સારોલી | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૪.૦૩.૨૬ / શનિવાર | ૧૦.૦૦ થી ૧૩.૦૦ |
| ૮ | ૬૬ કે.વી. ગોડાદરા-૨ | ૨૨ કે.વી. અરીહંત | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૪.૦૩.૨૬ / શનિવાર | ૧૨.૦૦ થી ૧૬.૦૦ |
| ૯ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી. વર્ણી | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૧૪.૦૩.૨૬ / શનિવાર | ૧૦.૩૦ થી ૧૩.૩૦ |
| ૧૦ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી. શ્રી હરિ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૧૪.૦૩.૨૬ / શનિવાર | ૧૦.૩૦ થી ૧૩.૩૦ |
| ૧૧ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી. વાયબ્રન્ટ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૧૪.૦૩.૨૬ / શનિવાર | ૧૫.૦૦ થી ૧૭.૦૦ |

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.
એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.



ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૪૮ સને ૨૦૨૫-૨૬
ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા રસ્તા ના એક કામ અને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન ના ૫ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૫.૦૮ થી ૩૭.૪૨ લાખ સુધીની છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૫/૦૩/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.
માહિતી/નર્મદા/૫૨૨/૨૦૨૫-૨૬



ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (879)

**ગાંધી- કરીયાણાની**
દુકાનમાં, વેચવા માટે હોલસેલ ભાવે, બત્તીવાલા GOLD TEA મળશે- 9427178600

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

**ઓમશિવ ટ્રાવેલ્સ**
તારીખ- 11, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર, ૨૯- એપ્રિલ, (દક્ષિણ ભારત)(ચારધામ યાત્રા) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

નોકરી વિષયક

**ઓફિસ સ્ટાફ જોઈએ**
છે ડેટા એન્ટ્રી માટે એકાઉન્ટન્ટ- ફુલ TIME, ઉંમર ૩૫ વર્ષ સુધી ૫૦૧- એ, ૨૧સ્ટ સેન્ચુરી બિઝનેસ્સ સેન્ટર, માન દરવાજા, રિંગ રોડ, સુરત મોં: 9909916204

**જોઈએ છે**
હાઉસીંગ રીડેવલપમેન્ટ માટે પ્રોજેક્ટ મેનેજર કમ લાયાઝન ઓફીસર. Email: sssta1563@gmail.com

**જોઈએ છે.**
પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલી PGમા કામ કરવા માટે મહિલાઓ. 24 કલાક રહેવા અથવા પાર્ટટાઈમ માટે. રહેવા અને જમવાની સુવિધા સાથે આકર્ષક પગાર મળશે. વિધવા, ડિવોર્સ અથવા એકલી રહેતી કોઈપણ મહિલા અરજી કરી શકે. સંપર્ક. 9924073970

**જે લોકો લોન અપવાનું**
કામ કરતા હોય અથવા માર્કેટિંગ ફિલ્ડમાં હોય એમના માટે પાર્ટ ટાઈમ વર્ક કરીને 20,000 સુધી ઈન્કમ મેળવી શકશો. SV Connect- 7600068855

**કાપડની દુકાન માટે**
અનુભવી તેમજ બિનઅનુભવી માણસ જોઈએ, મળોઃ સવારે 10:00થી 1:00, આરતી ટેક્સટાઈલ, શ્રીનાથજી કોમ્પ્લેક્ષ, ભાગાતળાવ, ચૌટાપુલ, બેન્ક ઓફ બરોડાની બાજુમાં, સુરત, MOB: 9825146864, Ph: 0261-2442685

**એકાઉન્ટન્ટ**
(CA ઈન્ટર) જોઈએ. પ્રતિષ્ઠિત સંસ્થા માટે, પગારઃ 30,000 મહિને, ઓછામાં ઓછા 8 કલાક/ દિવસ. સ્થળઃ આસપાસ મંદિર, ગોડાદરા. નયનભાઈ લાડ. 9265493386.

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (ઝંખવાવ, રાજપારડી)સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક.કોલ: 7600979201

**FOR RENT**
80,000/-ના માસિક ભાડામાં
બેઝમેન્ટ (ગોડાઉન) ભાડે આપવાનું છે.
4000/- સ્કેવર ફીટ
2200/- કાર્પેટ
ક્રોમા પાસે, પીપલોદ
Con:- 9898024032
Dhaval Cyclewala

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (મોસાલી) સેલરી 7000/- +ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક.કોલ: 8200949253

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (કિમ) સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 9904282149

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (અમોદ, કરજણ, પાદરા) સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 9624285602

**જોઈએ છે વ્યક્તિ**
(ફિલ્ડ વર્ક + ફાઈનાન્સ વર્ક) કન્ઝ્યુમર લોન રિકવરી માટે (ડભોઇ, સિનૉર, રાજપીપળા.) સેલરી 8500/- + ઈન્સેન્ટિવ, 10 પાસ લાયક. કોલ: 8905499298

મિલ્કત ભાડે -વેચાણ

**વેચાણ- ભાડેથી**
આપવાનું છે પીપલોદ- ડુમ્મસરોડ નવુ આઠમાળનું ૧૮૫૦૦ ફુટ કારપેટ હોલ ઓફીસો ૯૮૨૫૧૫૧૦૬૪

**વેચાણ- ભાડેથી**
ભટારરોડ 40 ફ્રન્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન કોમર્શીયલ કારપેટ 3100 ફુટ બેંકસ, કોર્પોરેટ્સ, રેસ્ટોરેન્ટ, ડોક્ટરર્સ લાયક મધુલીકા શોપીંગમાં આપવાનું છે 9825151064

**વેચાણ ભાડેથી**
રાજગ્લોરી રાજહંસ ઈન્ડસ્ટ્રીયલ તૈયાર ગોડાઉન ૩૨૫૦ ફુટ આપવાનુ 9825151064

**વેચાણ /ભાડે**
આપવાનો પારલેપોઈન્ટમાં તેમજ ડુમસ 1400 વાર તેમજ પીપલોદ પ્લોટ વ્યાજબી કિંમતે 9909775590

વાહન લે-વેચ

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

મિલ્કત ભાડેથી

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

**ભટાર રોડ ઓફિસ**
વેચવાની છે. વકીલ, C.A. લાયક 9104614923 (877)

**વેસુ, યુનિવર્સીટી**
નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (878)

**વેસુમા 4 BHK ફ્લેટ**
સુંદર હવા ઉજાસવાળો 2200 SQ વેચવાનો છે. 9374535403 (883)

**દુકાનો વેચવાની છે**
સાંઈ શ્રધ્ધા કોમ્પલેક્ષ - દુકાન નં ૨૦૧/૨૦૨ ૧લો માળ સાયણ સીથાણ રોડ ઉપર કારપેટ એરીયા ૭૬૦ સ્કેવર ફુટ કોન્ટેક્ટ પ્રદિપભાઈ- ૯૮૨૫૩૬૮૦૭૦, ડો. જતીનભાઈ ૯૮૨૪૧૭૩૬૫૫ દલાલોએ તસ્દી લેવી (881)

**બે રોડ કોર્નર પ્લોટ**
વેચવાનો છે, વેસુ 9825100525 (882)

**ફ્લેટ વેચવાનો.**
જૈન લોકાલિટી રોડ ટચ, નવયુગ કોલેજ સામે, સુરત. 9428874471.

**ફ્લેટ વેચાણ**
ગેસ લાઈન, લીફ્ટ, દસ્તાવેજ બીજા માળે અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**વેચાણથી જોઈએ..**
પ્લોટ/ બંગલા/ રો હાઉસ ઘોડદોડ રોડ,પારલે પોઈન્ટ, સિટીલાઈટ,ન્યુ સીટીલાઈટ, પીપલોદ, વેસુ, ડુમસ,અડાજણ પાલ, દલાલ માફ 9909775590

**નવસારીમાં**
2 BHK ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીકલચર કોલેજની સામે Contact: 9427633341

લગ્ન વિષયક

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**સુરત રહેતા**
33 વર્ષના કણબી પટેલ ડોક્ટર માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય 9512318416

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*